# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **ગુરૂવાર તા.૧૭–૧૦–૨૦૨૪ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૧૪–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના તા.૨–૯–૨૦૨૪ થી તા.૬–૯–૨૦૨૪ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજુ.

૦૨. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૧૪–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના તા.૯–૯–૨૦૨૪ થી તા.૧૩–૯–૨૦૨૪ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજુ.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, તા.૪–૮–૨૦૨૪ ના રોજ પૂરા થતા અઠવાડીયાનો આગ–અકસ્માતનો અહેવાલ જાણ માટે રજુ.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, તા.૧૧–૮–૨૦૨૪ ના રોજ પૂરા થતા અઠવાડીયાનો આગ–અકસ્માતનો અહેવાલ જાણ માટે રજુ.

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, તા.૧૮–૮–૨૦૨૪ ના રોજ પૂરા થતા અઠવાડીયાનો આગ–અકસ્માતનો અહેવાલ જાણ માટે રજુ.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, તા.૨૫–૮–૨૦૨૪ ના રોજ પૂરા થતા અઠવાડીયાનો આગ–અકસ્માતનો અહેવાલ જાણ માટે રજુ.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, તા.૧–૯–૨૦૨૪ ના રોજ પૂરા થતા અઠવાડીયાનો આગ–અકસ્માતનો અહેવાલ જાણ માટે રજુ.

૦૮. ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૯–૧૦–૨૦૨૪ નો પત્ર, નામદાર ગુજરાત સરકારશ્રીના અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસીંગ વિભાગના તા.૨૨–૬–૨૦૦૭ ના નોટીફીકેશનથી નકકી કરવામાં આવેલ ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ સમિતિના કાર્યો, ફરજો, કાર્યક્ષેત્ર તથા કાર્યવાહી અંગેના નિયમો–૨૦૦૭ ના નિયમ–૪(૬) અનુસાર દરખાસ્તના પત્રકમાં દર્શાવેલ અ.નં.૧ થી ૩ માં જણાવેલ વિગતેના જે તે વોર્ડ સમિતિના ઠરાવોની જાણ લેવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, નોર્થ ઝોન, ટી.પી.સ્કીમ નં.૨૫(સિંગણપોર–ટુંકી) ખાતે કોઝ–વે પાસે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના પાંચ વર્ષના સમયગાળા માટે સંચાલન અને નિભાવ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર મુસ્કાન ફાઉન્ડેશનની વાર્ષિક રૂા.૧૧,૭૦૦/– ની ઓફર મુજબ પાંચ વર્ષ માટે રૂા.૫૮,૫૦૦/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, નોર્થ ઝોનમાં આવેલ કતારગામ ફલાય ઓવર બ્રીજ નીચે ગાયત્રી ડેપો પાસે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના પાંચ વર્ષના સમયગાળા માટે સંચાલન અને નિભાવ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર મુસ્કાન ફાઉન્ડેશનની વાર્ષિક રૂા.૫૨,૭૦૦/– ની ઓફર મુજબ પાંચ વર્ષ માટે રૂા.૨,૬૩,૫૦૦/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં આવેલ પૂર્વ ઝોન–એ ના કરંજ, કાપોદ્રા, પુણા, અશ્વનીકુમાર–નવાગામ અને ફુલપાડા વિસ્તારના રોડ ડિવાઈડર, ફુટપાથ કર્બ, ચેઈન લીંક, ડિવાઈડર ગ્રીલ તેમજ ગાર્ડ સ્ટોનને વાર્ષિક ધોરણે કલર કરવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ટેન્ડરર તન્વી કન્સ્ટ્રકશનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૯,૮૫,૨૪૮/– થી ૪૫% નીચુ એટલે કે રૂા.૨૭,૪૧,૮૮૬–૪૦(જી.એસ.ટી. સીવાય) નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં આવેલ પૂર્વ ઝોન–એ ના કરંજ, કાપોદ્રા અને પૂણા વિસ્તારમાં વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી ફુટપાથ કર્બ, પેવર બ્લોક/વોટર ટેબલ અને ગાર્ડસ્ટોનને સેટ–રીસેટ/રીપેરીંગ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ટેન્ડરર કમલેશ કે. ચૌહાણને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૮,૯૨,૪૮૪/– થી ૩૮% નીચા ભાવે એટલે કે રૂા.૩૦,૩૩,૩૪૦–૦૮(જી.એસ.ટી. સિવાય) ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–એ, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૮૦/એ, ૮૦/બી માં આવેલ સુખીનગર સોસાયટીના આંતરીક રસ્તાઓને વી.ડી.એસ. પધ્ધતિથી બનાવવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ટેન્ડરર કે.કે. સાવલીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૯૦,૭૦,૭૯૯–૪૫ થી ૩૦% નીચા ભાવે એટલે કે રૂા.૬૩,૪૯,૫૫૯–૬૨ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૯–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં આવેલ નવો પૂર્વ(સરથાણા) ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૦, ૬૮ તથા નવા સમાવિષ્ટ થયેલ(કઠોદરા, લસકાણા, ખડસદ) અને સરથાણા નેચરપાર્કમાં આવેલ વિવિધ મ્યુ.બિલ્ડીંગોને વાર્ષિક રેઈટ ધોરણે રંગરોગાન કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર એ.બી. બિલ્ડકોનને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૬,૬૩,૦૨૩/– થી ૪૫.૯૯% નીચા ભાવે એટલે કે રૂા.૨૫,૧૮,૪૯૮–૭૨ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૯–૧૦–૨૦૨૪ નો પત્ર, નવા પૂર્વ(સરથાણા) ઝોનમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૧(સરથાણા–સીમાડા), ફા.પ્લોટ નં.૧૧૪ ખાતે હયાત હેલ્થ સેન્ટરની ઉપરના ભાગે આવેલ હેલ્થ કલબની સારસંભાળ, મરામત, નિભાવ તથા સંચાલનને લગતી તમામ પ્રકારની કામગીરી કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર અવિનાશ કાળુભાઈ રાખોલીયાની પ્રથમ વર્ષ માટે રૂા.૨,૨૧,૦૦૦/– (GST સીવાય) તથા ત્યાર બાદ પછીના તમામ વર્ષે ૧૦% ના વધારા સહિતની ૫(પાંચ) વર્ષ માટેની ઓફર કબુલ રાખવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૬. મ્યુ.ક.શ્રીનો તા.૯–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૯(પારડી–કણદે–સચીન–કનસાડ) અને નવા સમાવિષ્ટ ગામો કનસાડ, કનકપુર, સચિન અને પારડી–કણદેના વિવિધ મ્યુ.બિલ્ડીંગોમાં મરામત અને નિભાવણી કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર કૌશલ દેવીદાસ હરપલાનીને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૬,૬૯,૪૫૦–૭૭ થી ૩૬.૬૩% નીચા ભાવે એટલે કે રૂા.૨૯,૫૯,૦૩૦–૯૫ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૦–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં આવેલ પશ્ચિમ ઝોનમાં અડાજણ, પાલ, ભાઠા, ભાટપોર, ઈચ્છાપોર, અસારમા તથા રાંદેર ઝોનના અન્ય વિસ્તારમાં હયાત મુખ્ય ડ્રેનેજ લાઈનમાં પાઈપ લાઈન બદલવા, મશીનહોલ રીપેરીંગ કરવા/નવા બનાવવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર જોગારામ એમ. સેનને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૦૨,૪૭,૭૧૪–૯૦ થી ૭.૭૭% નીચા ભાવે એટલે કે રૂા.૯૪,૫૧,૪૬૭–૪૫ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૮. મ્યુ.ક.શ્રીનો તા.૧૦–૧૦–૨૦૨૪ નો પત્ર, હાઈડ્રોલિક ખાતાના પાણી પુરવઠાના કામોએ નળીકાઓના જોડાણમાં ઉપયોગી એવા જુદી જુદી સાઈઝના આઈ.એસ.૯૫૨૩:૨૦૦૦ મુજબના ડી.આઈ. ફીટીંગ્સ આઈ.એસ.આઈ. માર્ક સહિત પુરા પાડવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી જે તે આઈટમોમાં લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરરો (૧) કે. એમ. મેટલ–રાજકોટ પાસેથી ૧૦ આઈટમો રૂા.૧૪,૬૦,૭૦૦/– તથા (૨) આર.જી.ઈન્ડસ્ટ્રીઝ–જલંધર પાસેથી ૧૦ આઈટમો રૂા.૧૨,૭૧,૧૮૮–૪૬ મળી તમામ ૨૦ આઈટમો કુલ રૂા.૨૭,૩૧,૮૮૮–૪૬ ના ખર્ચે ખરીદવા અંગે નિર્ણય લેવા તથા સદર ટેન્ડરરો સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૯. મ્યુ.ક.શ્રીનો તા.૧૦–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) માં આવેલ અન્ય વિવિધ વિસ્તારમાં હયાત ડ્રેનેજ/સ્ટોર્મ ડ્રેનેજ લાઈન જુદા જુદા મશીનહોલમાં સ્કીલ લેબર ધ્વારા જરૂરી સલામતીના સાધનો, પ્લગ મુકવા સહિત ડીવોટરીંગ કરી હયાત ડ્રેનેજ/સ્ટોર્મ લાઈનના મશીનહોલ, બોક્ષ ડ્રેનેજ લાઈન ડીસીલ્ટીંગ કરી ડીસીલ્ટીંગ મટીરીયલ કાર્ટીંગ તથા સમારકામ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવ ભરનાર ટેન્ડરર વિનોદ, સુરતને રૂા.૩૭,૬૮,૭૮૬/– ના ખર્ચે ઉકત કામગીરી સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૦. મ્યુ.ક.શ્રીનો તા.૯–૧૦–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તારમાં (૧) ડ્રા.ટી.પી. નં.૫૯(ઉન) વિસ્તારમાં એફ.પી.–૧૨૬ થી એફ.પી.–૧૩૩/બી/૨ સુધીના રોયલ રેસીડન્સી પાસેથી પસાર થતા ૨૪.૦૦ મી.ના ટી.પી. રોડ ઉપર ૯.૦ મી. ઓકટાગોનલ સ્ટ્રીટલાઈટ પોલ નંગ ૧૪ અને તેના ઉપર ૧૨૦ વોટ એલ.ઈ.ડી. ફીટીંગ્સ નંગ ૩૦, (૨) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૭(જીઆવ –સોનારી–ગભેણી) મલબેરી હેવન એપાર્ટમેન્ટની બાજુમાંથી પસાર થતા અને વિસાત રેસીડન્સી પાસેથી પસાર થતા ૧૮.૦૦ મી. ના ટી.પી. રોડ ઉપર ૧૦.૦ મી. ઓકટાગોનલ સ્ટ્રીટલાઈટ પોલ નંગ ૨૩ અને તેના ઉપર ૧૨૦ વોટ એલ.ઈ.ડી. ફીટીંગ્સ નંગ ૨૩ અને (૩) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન) વિસ્તારમાં દિવ્યભાસ્કર ખાડી બ્રીજથી સચીન–મગદલ્લા હાઈવે સુધીના ૨૪.૦ મી. પહોળાઈના ટી.પી.રસ્તા ઉપર ૫૨ ૭.૦ મી. ઓકટાગોનલ સ્ટ્રીટલાઈટ પોલ નંગ ૭ અને તેના ઉપર ૭૦ વોટ એલ.ઈ.ડી. ફીટીંગ્સ નંગ ૧૫ લગાડી કાર્યરત કરવાનું કામ સ્થા.સ.ઠ.નં.૧૮૯૪/૨૦૨૨ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતે કરવા એમ્પેનલ થયેલ કુલ–૧૯ ઈજારદારો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૧૮ ઈજારદારો (૧) નિશીકો, સુરત, (૨) શ્રી લક્ષ્મી ઈલેકટ્રીકલ્સ, ભાવનગર, (૩) આદર્શ ઈલેકટ્રીકલ્સ, સુરત, (૪) યશ કોર્પોરેશન, મહેસાણા, (૫) બેકબોન ઈલેકટ્રીકલ્સ, રાજકોટ, (૬) સરકાર કોર્પોરેશન, સુરત, (૭) વિજય ચંદુલાલ પટેલ, સુરત, (૮) મીત એન્ટરપ્રાઈઝ, સુરત, (૯) નમન એન્ટરપ્રાઈઝ, સુરત, (૧૦) વીર ભૈરવ ઈલેકટ્રીકલ, સુરત, (૧૧) શ્રી રામદાદા ઈલેકટ્રીક વર્કસ, સુરત, (૧૨) દેવેન્દ્ર એમ. કાછડીયા, સુરત, (૧૩) માર્શલ ઈલેકટ્રીકલ્સ, સુરત, (૧૪) એરોવર્લ્ડ એન્જીનીયરીંગ, સુરત, (૧૫) મે.ક્રિષ્ના એજન્સીસ, સુરત, (૧૬) માર્શલ ઈલેકટ્રીકલ કં, રાજકોટ, (૧૭) પટેલ કલ્પેશ બળવંતભાઈ, સુરત અને (૧૮) કુબેર, નવસારી પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ શીડયુલ–બી ના રેઈટ મુજબ રૂા.૨૬,૨૩,૬૭૯/– થી ૧૦% નીચા ભાવે એટલે કે રૂા.૨૩,૬૧,૩૧૧–૧૦ + ૧૮% જી.એસ.ટી. ઉમેરતા કુલ રૂા.૨૭,૮૬,૩૪૭–૧૦ ના ખર્ચે સોંપવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૧૦–૨૦૨૪ નો પત્ર, વર્ષ ૨૦૨૪ ના ઓકટોબર માસના અંતમાં દિવાળીનો તહેવાર આવતો હોવાથી ઓકટોબર–૨૦૨૪ નો કર્મચારીઓનો પગાર તેમજ પેન્શનરોનું પેન્શન તા.૨૫–૧૦–૨૦૨૪ સુધીમાં કર્મચારીઓના/પેન્શનરોના બેંકના બચત ખાતામાં જમા કરાવવા બાબત.

૨૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૯–૨૦૨૪ નો પત્ર, National Medical Commission ના પત્રથી કિરણ મેડીકલ કોલેજ, સુરતને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માં M.B.B.S. કોર્ષમાં ૧૫૦ બેઠકો રીકગ્નાઈઝડ/મંજુરી આપવામાં આવેલ હોય, સ્મીમેર મેડીકલ કોલેજ સંલગ્ન સ્મીમેર હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ રૂમમાં આટોપ્સી માટે (કલીનીકલ) પ્રેકટીકલ ટ્રેનીંગ માટે સૌ પ્રથમ વખત શરૂઆત થનાર હોય, મજકુર સંસ્થાના M.B.B.S. ના કોર્ષના કુલ–૧૫૦ વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ રૂા.૬૦,૦૦૦/– લેખે વાર્ષિક ફી લેવા તથા ડીપોઝીટ(એક જ વખત) રૂા.૧૦,૦૦,૦૦૦/– નકકી કરવા તેમજ ફાઈલ સાથે સામેલ એફીલીએશન/એમ.ઓ.યુ. આપવા માટેની શરતોનું પાલન કરવાની શરતે, MCI/NMC/University ની ગાઈડલાઈન/માર્ગદર્શિકાને વિપરીત અસર ન થાય તે રીતે સમસ્ત પાટીદાર આરોગ્ય ટ્રસ્ટ સંચાલિત કિરણ મેડીકલ કોલેજ, સુરતને એફીલીએશન/પરવાનગી આપવા, તેની મુદતમાં વધારો કરવા, વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરવા, એફીલીએશન રદ કરવા તેમજ ફી અને ડીપોઝીટમાં વધારી/ઘટાડો કરવા, શરતો અંગે વિસંગતતા ઉભી થાય તો અર્થઘટન કરવા તથા આ સંદર્ભેની તમામ આનુષાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવા બાબત.

૨૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૯–૨૦૨૪ નો પત્ર, સ્મીમેર મેડીકલ કોલેજ ખાતેના ચાલતા સ્નાતક અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે ગર્વમેન્ટ કવોટા, મેનેજમેન્ટ કવોટા અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી ૨૦૨૬–૨૭ માટે NRI સીટ બેઠકોની ટયુશન ફી નકકી કરવા બાબતે દરખાસ્તમાં જણાવેલ વિગતે આનુષાંગિક કાર્યવાહી કરવા તેમજ સદર બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તથા અર્થઘટન કરવા કે નીતિ વિષયક નિર્ણય બાબતે મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવા બાબત.

૨૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા. તથા એશિયન તથા એશિયન ડેવલપમેન્ટ બેન્ક વચ્ચે થનાર "TERMS OF REFERENCE FOR SELECTION OF CONSULTING FIRM FOR FRAMEWORK CONTRACT" ની ફાઈલમાં સામેલ એનેક્ષર–'એ' મંજુર કરવા તથા તે અંગેની તમામ આનુષંગીક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

આ દે શ થી,
૨૧. ૨.૫૮૯
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૪–૧૦–૨૦૨૪.